ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી
## એક્ઝિક્યુટિવ કાઉન્સિલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શુક્રવાર, તા.૧૫/૧૧/૨૦૧૪ ના રોજ સવારે ૦૯-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. એમ. એન. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૧૫/૧૧/૨૦૧૪ |
|---|---|---|
| ૧. | ડો. એમ. એન. પટેલ, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડૉ. એન. ડી. શાહ | હાજર |
| ૬. | ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહિલ | હાજર |
| ૭. | શ્રી પટેલ સતિષકુમાર નટવરલાલ | હાજર |
| ૮. | શ્રી જૈન કૌશિકકુમાર સુખલાલ | હાજર |
| ૯. | પ્રો. ડૉ. વિજયાલક્ષ્મી ચારી | હાજર |
| ૧૦. | પ્રો. ડૉ. કુ. નિશા કે. શાહ | હાજર |
| ૧૧. | પ્રિ. ડો. મહેતા ગીતા પ્રાણલાલ | હાજર |
| ૧૨. | ડૉ. શાહ ભરત જે. | હાજર |
| ૧૩. | ડૉ. રાવલ કૌશિકકુમાર ચિમનલાલ | ગેરહાજર |
| ૧૪. | ડૉ. દિગ્વિજયસિંહ ધનશ્યામસિંહ ગોહિલ | હાજર |
| ૧૫. | ડૉ. પટેલ ધવલકુમાર રમણલાલ | હાજર |
| ૧૬. | ડૉ. ઠક્કર જશવંતભાઇ હરીભાઇ | ગેર હાજર |
| ૧૭. | ડૉ. મહિતપસિંહ ચાવડા | હાજર |
| ૧૮. | પ્રિ. ડૉ. નિરજાબેન અરૂણ | હાજર |
| ૧૯. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૨૦. | ડૉ. પટેલ હિમાંશુ વિઠ્ઠલભાઇ | હાજર |
| ૨૧. | શ્રી અમિતભાઇ શાહ | હાજર |
| ૨૨. | શ્રી ગીરીશભાઇ ચૌધરી | હાજર |

| | | |
|---|---|---|
| ૨૩. | શ્રી ધ્રુમીલભાઇ ડી. પટેલ | હાજર |
| ૨૪. | ડૉ. મહેશભાઇ પટેલ | ગેરહાજર |
| ૨૫. | શ્રી દેવાંગભાઇ નાણાવટી | હાજર |

**બા.ક્ર.૧** તા.૨૨-૦૮-૨૦૧૪ના રોજ મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવા બાબત.

**ઠરાવ: તા. ૨૨/૦૮/૨૦૧૪નાં રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.**

**બા.ક્ર.૨** કુલપતિશ્રીએ મંજુર કરેલા નીચેના કાર્યો (જાણસારૂ)

૨(૧) કામચલાઉ ડીગ્રી પ્રમાણપત્રો તેમજ ડીગ્રી તથા માર્કશીટનું ખાસ કિસ્સામાં તાત્કાલિક પાંચ કામકાજના દિવસો દરમ્યાન વેરિફીકેશન કરી આપવા માટે નિયત ફી ઉપરાંત રૂપિયા ૨૦૦૦/- (બે હજાર પૂરા) ચાર્જ પેટે વસુલ કરવા અંગેનું.

૨(૨) સરકારી વિનયન કોલેજ,મુ.શહેરા,જી.પંચમહાલની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી બી.એ.નું કાયમી જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.મહિપતસિંહ ચાવડા (૨)ડૉ.શ્રધ્ધાબેન રાય (૩)ડૉ.અશ્વિનભાઇ જન્સારી

૨(૩) સરકારી વિજ્ઞાન કોલેજ,મુ.ઝાલોદ,જી.દાહોદની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું પ્રથમ વર્ષ,દ્વિતીય વર્ષ,તૃતીય વર્ષ બી.એસસી.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.બી.કે.જૈન (૨)પ્રિ.ડૉ.એ.એસ.રાઠોર (૩)શ્રી ધ્રુમિલભાઇ પટેલ

૨(૪) ચૌધરી એમ.એડ.કોલેજ (મહિલા એમ.એડ.કોલેજ), એસ.ટી.ડેપો સામે, સેકટર-૭,ગાંધીનગરની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું એમ.એડ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોન સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.એસ.એન.ઐયર (૨)ડૉ.ધવલભાઇ પટેલ (૩)ડૉ.જગદીશભાઇ જોષી

૨(૫) અનંત ઇન્સ્ટીટયુટ ઓફ આર્કિટેકચર, સંસ્કારધામ કેમ્પસ, બોપલ-ઘુમા રોડ, મણીપુર પાસે, અમદાવાદની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું બી.આર્કિટેકચરનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.એમ.ડી.ચાવડા (૨)પ્રિ.ડૉ.મયૂરભાઇ બાંભા (૩)પ્રો.એ.ટી.મોતીયાણી

૨(૬) દ્રષ્ટિ નેત્રાલય, જી.આઇ.ડી.સી.પાસે, ચાકલિયા રોડ, દાહોદની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું બી.ઓપ્ટ્રોમેટ્રીનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.ભરતભાઇ શાહ (૨)ડૉ.પંકજભાઇ પટેલ (૩)ડૉ.બી.વી.પટેલ

૨(૭) સહજાનંદ કોલેજ ઓફ એજયુકેશન, માધવ એજયુકેશન કેમ્પસ, વસ્ત્રાલ, અમદાવાદની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું બી.એડ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.સી.પી.પટેલ (૨)ડૉ.સતિશ પ્રકાશ શુકલ (૩)ડૉ.અમૃતભાઇ ભરવાડ

૨(૮) સોહમ ઇન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ, બી.આર.ટી.એસ.બસ સ્ટોપ પાસે, નરોડા રોડ, ક્રિષ્નનગર, અમદાવાદને ઇંડિયન નર્સિંગ કાઉન્સિલ, નવી દિલ્હી તેમજ ગુજરાત નર્સિંગ

કાઉન્સિલ,અમદાવાદ દ્વારા શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી સ્વનિર્ભર ધોરણે ૪૦ સીટો સાથે બી.એસસી.(નર્સિંગ)અભ્યાસક્રમ શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવેલ હોઇ, જોડાણ આપવા માટે ટ્રસ્ટની આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.પંકજભાઇ પટેલ (૨)ડૉ.જીગ્નેશભાઇ ચૌહાણ (૩)ડૉ.બિપીનભાઇ પટેલ

૨(૯) વીણા સીંધી કોલેજ ઓફ નર્સિંગ, ઇંદિરા બ્રીજ પાસે, હાંસોલ, અમદાવાદને ઇંડિયન નર્સિંગ કાઉન્સિલ, નવી દિલ્હી તેમજ ગુજરાત નર્સિંગ કાઉન્સિલ, અમદાવાદ દ્વારા શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી સ્વનિર્ભર ધોરણે ૩૦ સીટો સાથે બી.એસસી.(નર્સિંગ)નો અભ્યાસક્રમ શરૂ કરવા માટેની મંજૂરી આપવામાં આવેલ હોઇ, જોડાણ આપવા માટે ટ્રસ્ટની અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.જીગ્નેશભાઇ ચૌહાણ (૨)શ્રી ધ્રુમિલભાઇ પટેલ (૩)શ્રી કૌશિકભાઇ જૈન

૨(૧૦) ચંપાબેન ભગત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એસસી.(ફાયર એન્ડ સેફટી) કોલેજ, સાણંદ-વિરમગામ હાઇવે, મુ.ખોડા ગામ, જી.અમદાવાદની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું પ્રથમ,દ્વિતીય અને તૃતીય વર્ષ બી.એસસી. (ફાયર અને સેફટી)નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.બી.કે.જૈન (૨)શ્રી સતિષભાઇ પટેલ (૩)શ્રી આશિષાભાઇ અમીન

૨(૧૧) સહજાનંદ કોલેજ ઓફ એજયુકેશન, વસ્ત્રાલ રોડ, અમદાવાદની શૈ.વર્ષ.૨૦૧૩-૧૪નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.ધનશ્યામભાઇ પટેલ (૨)ડૉ.સતિશપ્રકાશ શુકલ (૩)શ્રી સતિષભાઇ પટેલ

૨(૧૨) નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ, ૪થો માળ, શપથ-૧, રાજપથ કલબની સામે, બોડકદેવ, અમદાવાદ-૧૫ની આ યુનિવર્સિટીના ઓર્ડિ.૧૨૦-C હેઠળ માન્ય સંસ્થા (Rcognised Institute) તરીકેનું શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.સોનલબેન પંડયા (૨)પ્રિ.ડૉ.ગીતાબેન મહેતા (૩)ડૉ.જગદીશભાઇ ભાવસાર

૨(૧૩)શ્રી નારાયણ કોલેજ ઓફ કોમર્સ, ઇસરો પાસે, જોધપુર ટેકરા, અમદાવાદ-૧૫ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી બી.કોમ.માં કોમ્પ્યુટર એપ્લીકેશન મુખ્ય વિષય તરીકે (CBCS મુજબ) શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)શ્રી ગિરીશભાઇ ચૌધરી (૨)ડૉ.જયેશભાઇ સોલંકી (૩)પ્રિ.ડૉ.અશ્વિનભાઇ પુરોહિત.

૨(૧૪)ભાવના બી.એડ.કોલેજ, ૬૬, રાજપથનગર, સરકારી કૂવાની પાસે, બોપલ, અમદાવાદ-૧૫ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું બી.એડ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉઆર.એસ.પટેલ (૨)શ્રી સતિશભાઇ પટેલ (૩)પ્રિ.ડૉ.હરેશભાઇ વાઢેલ

૨(૧૫)એફ.ડી.આર્ટસ અને કોમર્સ કોલેજ ફોર વિમેન, જમાલપુર દરવાજા પાસે, અમદાવાદ-૧ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું પ્રથમ,દ્વિતીય અને તૃતીય વર્ષ બી.કોમ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.ગીતાબેન મહેતા (૨)ડૉ.અંજનાબેન શાહ (૩)ડૉ.વી.ચારી

૨(૧૬)સર એલ.એ.શાહ લો કોલેજ, લો ગાર્ડન સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૬ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું પી.જી.ડિપ્લોમા ઇન ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટસનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.ગીતાબેન મહેતા (૨)ડૉ.આર.જી.ભટ (૩)ડૉ.કૌશિકભાઇ રાવલ (૪)ડૉ.દિલીપભાઇ મેવાડા

૨(૧૭)નગર સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી, એલિસબ્રીજ,અમદાવાદ-૬ની માસ્ટર ઓફ ઓપ્ટોમેટ્રી ભાગ-૧ અને ૨નું શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.મહેશભાઇ પટેલ (૨)ડૉ.પંકજભાઇ પટેલ (૩)ડૉ.ભરતભાઇ શાહ (૪)શ્રી ધ્રુમિલભાઇ પટેલ

૨(૧૮)ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આર્ટસ અને કોમર્સ કોલેજ, સેકટર-૮નું નવુ નામાભિધાન: 'સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ' કરવા માટે આવેલી કોલેજની અરજી પરત્વે આ યુનિવર્સિટીના ઓર્ડિ.૧૨૦-N હેઠળ અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે 'સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ'ના નવા નામાભિધાનની વિનંતી ગ્રાહય રાખ્યાનું.

૨(૧૯)કલોલ તાલુકા કેળવણી મંડળ બી.બી.એ.કોલેજનું નવુ નામાભિધાન શ્રી મનસુખભાઇ જે.મેદાણી બી.બી.એ.કોલેજ, મુ.કલોલ,જી.ગાંધીનગર કરવા માટે ટ્રસ્ટીની આવેલી અરજી પરત્વે આ યુનિવર્સિટીના ઓર્ડિ.૧૨૦-N હેઠળ અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નવા નામાભિધાનને મંજૂરી આપ્યાનું.

૨(૨૦)યુનિવર્સિટીના સી.પી.એફ.યોજના હેઠળના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની જમા રકમ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગરની પરવાનગી સિવાય સીધાજ જી.પી.એફ.ખાતે જમા નહિ કરાવવા અંગેના ઠરાવ: શિક્ષણ વિભાગ, ક.એન.જી.સી/૧૦૧૪/સી.સી-૫૯/ખ, સચિવાલય, ગાંધીનગર તા.૧-૮-૨૦૧૪ની નોંધ લીધાનું.

૨(૨૧)મહિલા સાથે કામનાં સ્થળે થતાં જાતીય સતામણી અટકાવવા બાબતે કેન્દ્ર સરકાર દ્વારા કામકાજનાં સ્થળે મહિલાઓની જાતીય સતામણી (ફરિયાદોનું નિવારણ, રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ ૨૦૧૩ તા.૨૪-૪-૧૩થી અમલમાં આવેલ છે, ભારત સરકારનાં તા.૨૩-૪-૧૩નાં રોજ રાજપત્રથી પ્રસિધ્ધ થયેલ છે, આ કાયદાનાં યુનિવર્સિટીનાં કાર્યાલય, ભવનો તેમજ સંલગ્ન કોલેજો/Recg.Inst. ખાતે અમલીકરણ કરવા અંગેનું તથા આ કાયદાની જોગવાઇ હેઠળ Ordinance-૨૦૧૪ હેઠળ બનાવેલ નિયમો યુનિવર્સિટી ખાતે કાર્યાલય/ભવનો/સંલગ્ન કોલેજો/Recg.Inst.માં લાગુ પાડયાનું.

૨(૨૨)તા:૦૧-૦૭-૨૦૧૪થી સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાંનાં દર ૧૦૭% થયાનું (૧૦૦ + ૦૭) તે અંગેનાં રાજય સરકારશ્રીના નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક વલભ-૧૦૨૦૧૪-જીઓઆઈ-૦૯-ચ તા: ૦૧/૧૦/૨૦૧૪ નો સ્વીકાર કરી તેનો યુનિવર્સિટીમાંથી છઠ્ઠુ પગારપંચ મેળવતા કર્મચારીઓ માટે અમલ કર્યાનું.

૨(૨૩)રાજય સરકારશ્રીના નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક:બનસ-૧૦૨૦૧૪ જીઓઆઈ-૮-ચ- તા: ૦૭/૧૦/૨૦૧૪ અનુસાર રાજય સરકારશ્રીનાં ચોથા વર્ગમાં ફરજ બજાવતાં કર્મચારીઓનાં ધોરણે એડહોક બોનસ યુનિવર્સિટીના વર્ગ-૪નાં કર્મચારીઓને આપ્યાનું

૨(૨૪)રાજય સરકારશ્રી નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક: નનમ-૧૦૨૦૦૫-૧૨૦-ઝ, તા:૧૩/૧૦/૨૦૧૪ અનુસાર યુનિવર્સિટીના વર્ગ-૪નાં કર્મચારીઓને વર્ષ ૨૦૧૪-૧૫નાં વર્ષ માટે રુા. ૩૦૦૦/- (અંકે ત્રણ હજાર પુરા) ની વગર વ્યાજની તહેવાર પેશગી મંજૂર કરવાના ઠરાવનો સ્વીકાર કર્યાનુ અને તેનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને આપ્યાનું.

૨(૨૫)યુનિવર્સિટીના પરીક્ષાના કાર્ય અંગે વધારાનો કાર્યભાર/પુરસ્કારની મંજૂરી આપવા અંગે. :

હાલમાં સેમેસ્ટર સીસ્ટમ અમલમાં આવેલ છે જેને લીધે વર્ષમાં બે વખત પરીક્ષાઓ લેવાની થાય છે. વર્ષો વર્ષ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો વધારો થતો રહે છે, સાથે વિદ્યાર્થીઓની સંખ્યામાં

પણ સતત વધારો થતો રહે છે, જ્યારે પરીક્ષા વિભાગમાં મંજૂર કરેલ મહેકમ સામે મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી છે. પરીણામે જે કર્મચારીઓ ફરજ બજાવે છે તેઓ ઉપર સમયમર્યાદાની કામગીરી સમયસર પૂર્ણ કરવાની જવાબદારી આવે છે. જે પૂર્ણ કરવા માટે પૂરસ્કાર ચૂકવવો પડતો હોય છે જે અન્વયે ૧૯૮૯માં ઈ.સી.માં થયેલા ઠરાવ મુજબની નિયત ફરજ ઉપરાંત ૬૦ કલાક વર્ષમા કામગીરી કરવાની રહે છે. પરીક્ષાની તમામ કામગીરી જેવી કે પરીક્ષા, પરીણામ, કોન્વોકેશન, ડીગ્રી વેરીફીકેશન, એલીજીબીલીટી, અનરોલમેન્ટ વિ. તમામ કામગીરી સમય મર્યાદાની હોઇ સમયસર પાર પાડવા માટે પૂરસ્કાર ચૂકવવાનો રહે છે. જે યુનિવર્સિટીની ઉચ્ચ ફીના ધોરણે ચાલતા અભ્યાસક્રમોની આવકમાંથી ચૂકવવાનું રહે છે. આ અંગે વિભાગની નોંધ મંજૂર કર્યાનું.

૨(૨૬) ગુજરાતયુનિવર્સિટી કાર્યાલય તેમજ વિવિઘ ભવનોમાં વિવિધ કેડરોની જગ્યા ક્રમશ: વર્ષવાર વહીવટી કર્મચારીઓ મોટી સંખ્યામાં નિવૃત થાય છે જેની સામે કાયમી વહીવટી કર્મચારીઓની ભરતી ઘણા સમયથી થયેલ નથી જેથી પરીક્ષા, હિસાબ, એકેડેમિક પી.જી., એસ્ટેટ, તેમજ વિવિધ શૈક્ષણિક ભવનોમાં કામગીરી સરળતાથી થઈ શકે તે માટે માન.કુલપતિશ્રીની મંજૂરીથી છ માસ માટે તદ્દન હંગામી ધોરણે હંગામી કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર, પટાવાળા, જોબ ટ્રેઈનીઓ તેમજ વિવિધ ટેકનીકલ વ્યક્તિઓ રાખવામાં આવે છે જેના મહેનતાણા અંગેના ખર્ચ માન.કુલપતિશ્રી ધ્વારા મંજૂર કરવામાં આવે છે જેની નોંધ લીધાનું

૨(૨૭) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્ર-ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨) ઝ-૧ તા.૨૦-૧૦-૧૪ના રાજ્ય સરકારના વર્ગ-૩ તેમજ વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નીમણૂકોના ફીક્સ પગાર સુધારવા બાબતના ઠરાવ સંદર્ભે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તેમજ વિવિધ ભવનોમાં કાર્યરત રહેમરાહે પટાવાળાના વેતનમાં રૂા.૪૫૦૦/- થી રૂા.૭૧૦૦/- તેમજ નર્સ તથા સ્ટેટીસ્ટીકલ આસિસ્ટન્ટના વેતનમાં રૂા.૯૪૦૦/- થી રૂા.૧૩૫૦૦/-નું કર્યાનું

**ઠરાવ: કુલપતિશ્રીએ મંજુર કરેલા ઉપરોકત ક્રમાંક ૨(૧) થી ૨(૨૭)સુધીના કાર્યોની નોંધ લેવામાં આવી.**

બા.ક્ર:૩ ગાલા પ્રોડક્ટ પ્રા. લિ. ધ્વારા ખાખી સ્ટીકર પૂરા પાડવા સંદર્ભમાં આપવામાં આવેલ ઓર્ડર મુજબ એજન્સી ધ્વારા ૩૩ દિવસ મોડી ડીલીવરી આપવાને કારણે ઓર્ડરની શરત નં.૧૧ મુજબ નિયત સમયમાં ડીલીવરી પૂરી કરવામાં ન આવે તો પ્રતિદિન રૂા.૫૦૦૦/-નો દંડ વસૂલ કરવા અંગે વિચારણા કરવા બાબત

(નોંધ:તા.૧૯-૬-૧૪નાં રોજ પત્ર લખી મુદતમાં વધારો માગેલ છે, એવો પત્ર મોકલી આપેલ છે. પરંતુ યુનિવર્સિટી પ્રેસને આવો કોઇ પત્ર મળેલ નથી).

**ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.**

બા.ક્ર.૪ શૈક્ષણીક વર્ષ ૨૦૧૪-૧૫ના આગામી યોજાનાર પદવીદાન સમારંભની પૂર્વ તૈયારીના સંદર્ભમાં મેડલ આપવા માટે મેડલ તથા શિષ્યવૃતિ પારિતોષિક મેળવતા વિદ્યાર્થીઓના નામ, સરનામાની યાદી, નોટીફીકેશન, વિ. તૈયાર કરવાનું થાય છે, જે સંદર્ભમાં જૂદી-જૂદી સાત વિદ્યાશાખામાં આશરે ૨૫૦ જેટલા મેડલ તથા ૫૦ જેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિની સમયમર્યાદાની કામગીરી સમયસર પૂર્ણ કરવા માટે કર્મચારીશ્રીને વધારાના સમયમાં બોલાવીને કામગીરી પૂર્ણ કરવાની થાય. સદર કર્મચારીઓને પરીક્ષાલક્ષી તથા અગત્યની અને સમય મર્યાદામાં પૂર્ણ

કરવાની કામગીરી ધ્યાને લેતા રૂા.૨૦૦૦૦/-ની મર્યાદા ઉપરાંત પૂરસ્કારની રકમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે કર્મચારીને વધારાની કામગીરી માટે ચુકવવામાં આવતી રકમની હાલની મર્યાદા યથાવત્ જાળવી રાખવી તેમજ કર્મચારીઓને ચુકવવામાં આવતા પરીક્ષા ભથ્થા સામે કર્મચારીએ ભરી આપવાના થતા ૬૦ કલાકની યોજના તાકિદે અમલમાં મુકીને વધારાની કામગીરી પૂર્ણ કરાવવાનું રાખવું.**

બા.ક્ર.૫ એકઝીક્યુટીવ કાઉન્સીલની તા.૨૨-૮-૨૦૧૪ની સભામાં બા.ક્ર.-૮થી સી.બી.સી.એસ. પધ્ધતિમાં સ્નાતક કક્ષાએ સોફ્ટ સ્કીલ અને ફાઉન્ડેશન કોર્સ દાખલ કરવામાં આવેલ હોઇ બન્ને કોર્સનાં અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓ પાસેથી ચાલુ શૈક્ષણિક વર્ષથી કોલેજને એક વિષયના સેમેસ્ટર દીઠ રૂા.૨૦૦/-(બસ્સો) ફી લેવાની મંજૂરી આપવાનો ઠરાવ થયેલ છે, તે સંદર્ભે વિદ્યાર્થી સંગઠનો ધ્વારા માન.કુલપતિશ્રી સમક્ષ થયેલ રજૂઆત પરત્વે પુન:વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી ચાલું શૈક્ષણિક વર્ષથી ફાઉન્ડેશન અને સોફ્ટ સ્કીલ એમ બન્ને કોર્ષ માટે એફ.વાય., એસ.વાય. અને ટી.વાય. એમ દરેક વર્ષના બન્ને સેમેસ્ટરની આખા વર્ષની બન્ને વિષયની સંયુકત ફી કૂલ રૂ.૧૦૦/- લેવાની તેમજ સેલ્ફ-ફાઇનાન્સ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી ચાલું શૈક્ષણિક વર્ષથી એફ.વાય., એસ.વાય. અને ટી.વાય.ના દરેક સેમેસ્ટર દીઠ ફાઉન્ડેશન કોર્સની ફી પેટે રૂ.૧૦૦/- તેમજ સોફ્ટ સ્કીલ કોર્ષની ફી પેટે રૂ.૧૦૦/- ફી લેવાની મંજુરી આપવાનું રાખવું.**

**વધુમાં ઠરાવવામાં આવ્યું કે સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોએ ફાઉન્ડેશન અને સોફ્ટ સ્કીલ કોર્ષની ફી બેકી નંબરના સેમેસ્ટરમાં જ લેવાનું રાખવું અને હાલ કોલેજો ધ્વારા ફર્સ્ટ ઇયરના સેકન્ડ સેમેસ્ટરમાં લેવામાં આવતી એન્વાયરમેન્ટ ફી સહિત કોઇપણ પ્રકારની ફી કોલેજે વિધ્યાર્થીઓ પાસેથી અલગથી લેવાનું રાખવું નહીં.**

**કોલેજો ધ્વારા આ અગાઉ વધુ ફી લીધેલ હોય તો આ પરિપત્ર થયેથી વધારાની ફી તાત્કાલિક પરત કરવાની રહેશે. તેની તમામ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. કોલેજો ધ્વારા વધુ ફી લેવાયેલ હોય તો તે અગાઉના વર્ષ માટે જમા રાખવાની રહેશે નહીં.**

બા.ક્ર.૬ તા.૧૪-૧૧-૨૦૧૪ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(ફાઇનાન્સ સમિતિની ભલામણો પરિશિષ્ટ-૧ તરીકે સામેલ છે)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ફાયનાન્સ સમિતિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવાનું રાખવું.**

બા.ક્ર.૭ શ્રી મહિપતસિંહ ધીરૂભા વાધેલા(નિવૃત મદદનીશ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી) તરફથી એમ.એલ.આઈ.સી.ઈન્ટી.-૪ સેમેસ્ટરમાં સ્વ શ્રીમતિ નંદકુંવરબા મહિપતસિંહ વાધેલા સ્મૃતિ ચંદ્રક એનાયત કરવા સારૂ આવેલ દરખાસ્તને નીચેની શરતોને આધીન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

શરતો :
૧. સ્વ. શ્રીમતી નંદકુવરબા મહિપતસિંહ વાધેલા સ્મૃતિ ચંદ્રક-૪ સેમેસ્ટરના માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ ઈન્ટીગ્રેટેડની ડીગ્રી મેળવવા માટે જરૂરી ચારેય સેમેસ્ટરની પરીક્ષામાં વધુમાં વધુ ગુણથી પાસ થનાર પ્રથમ ક્રમે આવતા વિદ્યાર્થીને આપવાનો રહેશે.
૨. જો કોઈ સંજોગોમાં મહત્તમ ગુણ સાથે એક કરતા વધારે વિદ્યાર્થી ઉત્તીર્ણ થાય તો તેવા કિસ્સામાં ગુજરાત યુનિવિર્સિટી સત્તા મંડળ ધ્વારા લેવાયેલ નિર્ણય આખરી રહેશે.
૩. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટી એકઝીકયુટીવ કાઉન્સીલન્ને વખતો વખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેને અબાધિત અધિકાર રહેશે.
૪. ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરીણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને શકય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે ચંદ્રક એનાયત કરવામાં આવશે.
૫. ચંદ્રક એનાયત કરવા અંગે વિજેતાની નાત-જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.
૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિ.ના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

**ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત શરતોને આધીન સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવાનું રાખવું.**

બા.ક્ર.૮ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા તા.૩૧-૧૨-૨૦૧૪ના વર્ષ માટે સ્નાતક નોંધણી માટેની જાહેરાત આપવામાં આવેલ છે, જેમાં નીચેની બાબતો અંગે પૂછ-પરછ રહેતી હોય છે જેની કોઈ સ્પષ્ટતા ન હોઈ વિચારણા કરવા બાબતે.

૧. જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાના અસલ પ્રમાણપત્ર સિવાય રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર ધ્વારા આપવામાં આવતા અન્ય કોઈ દસ્તાવેજ માન્ય રાખવા બાબતે.
૨. રીન્યુ માટે સ્નાતક વિદ્યાર્થીઓ માટે નવેસરથી ઓરીજીનલ જોવા બાબતે.

**ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ચાલું વર્ષે ચુંટણીની પ્રક્રિયા શરૂ થઇ ગઇ હોઇ, ઉપરોકત બાબતે કોઇ ફેરફાર નહીં કરતાં અગાઉની જેમ જ જન્મ તારીખના પૂરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર જોવાનું રાખવું અને રીન્યુ કરવા માટે જુની મતદાર યાદીના નંબરના આધારે નોંધણી કરવાનું રાખવું**

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજુ કરવામાં આવી :

બા.ક્ર.૯ તા.૬/૯/૨૦૧૩નાં રોજ પૂર્વ કુલપતિશ્રી ડો. મુકુલભાઇ શાહના પ્રમુખસ્થાને મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલ ધ્વારા પૂર્વ કુલપતિશ્રી પ્રો. ડો. આદેશપાલના કાર્યકાળ દરમ્યાન ફાઇનાન્સીયલ એડવાઇઝરી કમીટી ધ્વારા લેવાયેલ નિર્ણયોની પૂનઃ વિચારણા માટે તપાસ કરી માન.કુલપતિશ્રીને આગામી એકિઝકયુટિવ કાઉન્સિલમાં તપાસ અહેવાલ રજૂ કરવાનું ઠરાવેલ, જે બાબતે તપાસ સમિતિએ આપેલ અહેવાલ તા.૦૧/૦૬/૨૦૧૪નાં રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ રજુ કરવામાં આવેલ અને તે પરત્વે લંબાણપૂર્વકની ચર્ચાવિચારણાને અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવેલ કે ફાઇનાન્સિલય એડવાઇઝરી કમીટી ધ્વારા ડો. આદેશ પાલે લીધેલા નિર્ણયો રદ કરવા અને તે નિર્ણયો યુનિવર્સિટીના નીતિ નિયમોનો ભંગ કરીને લેવાયેલ હોવાથી ડો. આદેશ પાલ સામે નિયમાનુસાર પગલાં લેવા રાજય સરકારશ્રીને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવેલ કે ડો. આદેશ પાલ ધ્વારા આ સિવાય પણ લેવામાં આવેલ અન્ય નિર્ણયોમાં યુનિવર્સિટીના નીતિ નિયમોનો ભંગ થયાનું જણાય તેવા તમામ નિર્ણયોની તપાસ કરીને તે અંગેનો વિગતવાર રીપોર્ટ એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ રજુ કરવા ઉપરોકત તપાસ અહેવાલ રજુ કરનાર સમિતિના સભ્યોને જણાવવાનું રાખવું.

ઉપરોકત ઠરાવના સંદર્ભમાં ડો. આદેશ પાલ ધ્વારા લેવામાં આવેલ અન્ય નિર્ણયોમાં યુનિવર્સિટીના નીતિ નિયમોનો ભંગ થયાનું જણાયું હોય તેવા તમામ નિર્ણયોની તપાસ કરીને તા.૦૩/૧૧/૨૦૧૪થી તપાસ સમિતિ ધ્વારા આપવામાં આવેલ અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

**ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે તપાસ સમિતિ ધ્વારા રજૂ કરવામાં આવેલ ઉપરોકત અહેવાલ નામદાર કોર્ટને તેમજ નિયમાનુસાર પગલાં લેવા માટે સરકારશ્રીને મોકલી આપવા માન. કુલપતિશ્રીને ભલામણ કરવાનું રાખવું.**

બા.ક્ર.૧૦ડો. પી. પી. પ્રજાપતિ સામેના આક્ષેપોની તપાસ કરવા માટે નીમેલ સત્ય શોધક સમિતિએ તા.૦૮/૧૦/૨૦૧૩થી આપેલ અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

**ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે તપાસ સમિતિ ધ્વારા રજૂ કરવામાં આવેલ ઉપરોકત અહેવાલ પરત્વે આગળની કાર્યવાહી કરવા માટે માન. કુલપતિશ્રીને ભલામણ કરવામાં આવી.**

બા.ક્ર.૧૧ યુનિવર્સિટી કાર્યાલય તેમજ ભવનો/વિભાગોમાં હંગામી ધોરણે નીમવાના થતા કર્મચારીઓની ભરતીની કાર્યવાહી હાથ ધરવા બાબતે વિચારણા કરવા બાબત.

**ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તેમજ ભવનો/વિભાગોમાં હંગામી ધોરણે નીમવાના થતા કર્મચારીઓની ભરતી આઉટ સોર્સિંગથી મેન પાવર એજન્સી ધ્વારા હાથ ધરવા માન. કુલપતિશ્રીને સત્તા આપવી.**

બા.ક્ર.૧૨ એન્જીનીયરીંગ અને ફાર્મસી વિધ્યાશાખા હવે ગુજરાત યુનિવર્સિટી સાથે ન હોઇ, તે વિધ્યાશાખાના વિધ્યાર્થીઓને મેડલ આપવા માટે દાતાશ્રીઓ તરફથી મળેલ દાનની રકમ અંગે વિચારણા કરવા બાબત.

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બન્ને વિધ્યાશાખા હવે ગુજરાત યુનિવર્સિટી સાથે ન હોઇ, તે વિધ્યાશાખા માટે દાતાશ્રીઓ તરફથી યુનિવર્સિટીને મળેલ દાનની રકમના ઉપયોગ અંગે દાતાશ્રીઓનો અભિપ્રાય લેવાનું રાખવું.

આ ઉપરાંત, સભાગૃહની કાર્યવાહી દરમ્યાન સર્વાનુમતે નીચેનો મુદ્દો ચર્ચવામાં આવ્યો હતો :

(૧) ચાલું વર્ષે કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ ધ્વારા બી.કોમ., બી.બી.એ. અને બી.સી.એ. માં cut of marks કરતાં ઓછા ગુણે જે કોલેજોએ પ્રવેશ આપેલા છે તે પ્રવેશ રદ કરીને આ વિધ્યાર્થીઓને ગુણ પ્રમાણે મળવાપાત્ર કોલેજોમાં પ્રવેશ આપવાનું રાખવા ઠરાવવામાં આવ્યું.

(૨) જે ગ્રાન્ટેબલ કોલેજો/સંસ્થામાં સેલ્ફ-ફાઇનાન્સ વર્ગો/સંસ્થા ચલાવાતી હોય તો નિયમાનુસાર સેલ્ફ-ફાઇનાન્સ વર્ગો/સંસ્થા માટે નવું બીલ્ડીંગ બનાવવાનું રાખવા ઠરાવવામાં આવ્યું. વધુમાં ઠરાવવામાં આવ્યું કે ગ્રાન્ટેબલ કોલજ/સંસ્થા ધ્વારા પોતાનું બીલ્ડીંગ ભાડે આપેલ હોય તો તાત્કાલિક ખાલી કરાવવા કોલેજ/સંસ્થાને જણાવવાનું રાખવું.

(૩) સાયન્સની કોલેજોમાં તપાસ સમિતિ મોકલીને જરૂરી તપાસ કરાવવાનું ઠરાવવામાં આવ્યું.

(૪) ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરની સમયાંતરે નિયમિત જાળવણી કરવાની જવાબદારી કોન્ટ્રાકટરે નિભાવવી અન્યથા કોન્ટ્રાકટ રદ કરવા સુધીની તાકિદ મેસર્સ ગાંધી કોર્પોરેશનને કરવાનું ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

ડો. એચ. સી. પટેલ
કુલસચિવ

નં: એકેડેમિક/ ૭૧૨ /૨૦૧૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯. તા. ~~૧૫-૧૧-૨૦૧૪~~ 1/12/15

E.C.તા.૧૫/૧૧/૨૦૧૪
બાબત-૬
પરિશિષ્ટ-૧

# ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર/૨૦૧૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૧૪/૧૧/૨૦૧૪

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૧૪-૧૧-૧૪ને શુક્રવારના રોજ ૫-૦૦ કલાકે યુનિ.કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી ડો.એમ એન પટેલસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | ડો.એમ.એન.પટેલ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી નરહરીભાઇ અમીન | સભ્યશ્રી | ગેરહાજર |
| ૩) | ડો.જશવંતભાઇ ઠક્કર | સભ્યશ્રી | ગેરહાજર |
| ૪) | ડો.ધવલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૫) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા.૩૧-૭-૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.
ફાયનાન્સ સમિતિની તા.૩૧-૭-૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી.

૨) માઇક્રો બાયોલોજી વિભાગના પ્રો.ચેતના રોટના DBT બાયોકેર પ્રોજેકટ હેઠળ નીચે જણાવ્યા પ્રમાણેના ઇકવીપમેન્ટ ખરીદવા માટે વર્તમાનાપત્રમાં આપેલ જાહેર ખબર ધ્વારા મંગાવેલ અને આવેલ ભાવો પર વિચારણા કરવા બાબત.

| | |
|---|---|
| ૧) Incubator shaker | રૂ.૧૨૩૦૦૦/- |
| ૨)Autoclaveble Fermentor | રૂ.૨૬૫૦૦૦/- |
| ૩) Rotavapor | રૂ.૧૬૮૦૦૦/- |

આ અંગે રૂ.૭,૪૯,૭૫૦/-ની ગ્રાન્ટ મંજુર થયેલ છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત સાધનો અધ્યક્ષશ્રીની ભલામણ અનુસાર સૌથી ઓછા ભાવ આપનાર વેપારી પાસેથી ખરીદવાનું રાખવું.

૩) ગુજરાત યુનિ.પ્રેસ માટે કાગળો ખરીદવા માટે E-Tender ધ્વારા મંગાવેલ અને આવેલ ભાવપત્રક ઉપર વિચારણા કરવા બાબત. આ અંગે કુલ રૂ.૧૩,૭૮,૪૩૦/- પુરાનો ખર્ચ થશે.
આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસ માટે આ સાથે સામેલ પત્રક મુજબ કાગળો સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી પાસેથી ખરીદવાનું રાખવું.

૪) ગુજરાત યુનિવર્સિટી પ્રેસમાં વિવિધ પ્રકારના કાગળો ખરીદવા માટે કરેલ ઇ-ટેન્ડરીંગમાં વેપારી શ્રી બિંદીયા એન્ટરપ્રાઇઝે ઓન લાઇન ટેન્ડર ભરેલ છે. ભાવનગર યુનિવર્સિટી ધ્વારા બ્લેકલીસ્ટ કરતા હુકમને વેપારી ધ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પડકારતા આવેલ જજમેન્ટ મુજબના હુકમ પ્રમાણે બ્લેકલીસ્ટનો હુકમ ભાવનગર યુનિવર્સિટી ધ્વારા પરત ખેચવામાં આવ્યો હોવાથી ઓર્ડર આપવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.
આથી ઠરાવવામાં આવે છે કે નામદાર ગુજરાત હાઇકોર્ટના આદેશ પ્રમાણે કરવાનું રાખવું.

૨/-

૫) કેમેસ્ટ્રી વિભાગના ડો.વી કે જૈનની DRDO પ્રોજેકટની મંજુર થયેલ ઇકવીપમેન્ટ ગ્રાન્ટ હેઠળ Spectrofturi Meter, Spectrophotometer and Rotary evaporator ખરીદવા E-Tender ધ્વારા મંગાવેલ અને આવેલ ભાવો પર વિચારણા કરવા બાબત. આ અંગે અંદાજે રૂ.૨૫,૧૨,૪૨૬/-નો ખર્ચ થશે. આ અંગે રૂ.૨૭-૦૦ લાખની ગ્રાન્ટ મંજુર થયેલ છે. આ અંગેનું ભાવોનું તુલનાત્મક તારણ પરિશીષ્ટ-૧ તરીકે સામેલ છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત જણાવેલ સાધનો અધ્યક્ષશ્રીની ભલામણ અનુસાર સૌથી ઓછા ભાવ આપનાર વેપારી પાસેથી સાધનના નામ સામે દર્શાવેલ કિમંતે ખરીદવાનું રાખવું. ચુકવણું કરતી વખતે ડોલરના ભાવ મુજબ ચુકવણું કરવાનું રાખવું.

૬) યુજીસી બારમી પંચવર્ષીય યોજના હેઠળ કેમેસ્ટ્રી વિભાગને ફાળવેલ ગ્રાન્ટમાંથી આ સાથે સામેલ લીસ્ટ મુજબના સાધનો ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. આ અંગે મંગાવેલ ભાવોનું તુલનાત્મક તારણ પરિશીષ્ટ-૨ તરીકે સામેલ છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત જણાવેલ સાધનો અધ્યક્ષશ્રીની ભલામણ અનુસાર વેપારી પાસેથી સાધનના નામ સામે દર્શાવેલ કિમંતે ખરીદવાનું રાખવું.

૭) ગુજરાત યુનિવર્સિટી ધ્વારા આગામી યોજાનાર પદવીદાન સમારંભ માટે આપવાના થતા સુવર્ણમંડીત ચંન્દ્રકો બનાવવા માટે E-Tender ધ્વારા મંગાવેલ અને આવેલ ટેન્ડર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે સુવર્ણમંડીત ચાંદીના ચંદ્રકો બનાવવાની કામગીરી મે.કિરણ હેન્ડીક્રાફટને એક ચંદ્રકના રૂ.૧૬૦૦/-ના ભાવે સોપવાનું રાખવું.

૮) ઝૂલોજી વિભાગના પ્રો.ડી ડી ઝાલાના GSBTM પ્રોજેકટની ઇકવીપમેન્ટ ગ્રાન્ટ હેઠળ Deep Freezer (-૨૦C) ખરીદવા માટે E-Tender ધ્વારા મંગાવેલ અને આવેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત. આ અંગે રૂ.૭,૭૪,૦૮૦/-ની ગ્રાન્ટ મંજુર કરેલ છે જેના ૫૦ ટકા ગ્રાન્ટ રૂ.૩,૮૭,૦૪૦/- યુનિવર્સિટીમાં જમા થયેલ છે. આ અંગે રૂ.૨-૪૦ લાખનો ખર્ચ મંજુર થયેલ છે. આ અંગે મંગાવેલ ભાવોનું તુલનાત્મક તારણ પરિશીષ્ટ-૩ તરીકે સામેલ છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે Deep Freezer (-૨૦C)ની ખરીદી મે.ફયુઝન ટેક પાસેથી કરવી અને તે અંગેનો ખર્ચ રૂ.૨,૧૦,૦૦૦/- મંજુર કરવો.

૯) ઝૂલોજી વિભાગના ડો.ક્તિીકા રાજેશના ડીએસટી WOS-A પ્રોજેકટની સ્કીમ હેઠળ મંજુર થયેલ ઇકવીપમેન્ટ ગ્રાન્ટ હેઠળ Two Micropipettes, Sonieatur, Centrifuge-૨૦C Freezer, agarose gel eletrophoresis, SDS page electphoresis and power pack ખરીદવા માટે વિચારણા કરવા બાબત. આ અંગે રૂ.૯-૨૦ લાખની ગ્રાન્ટ મંજુર કરેલ છે જેમાંથી

રૂ.૨,૦૦,૦૦૦/- આ ઇકવીપમેન્ટ ખરીદવા અંગેના છે. આ અંગે મંગાવેલ ભાવોનું તુલનાત્મક તારણ <u>પરીશીષ્ટ-૪</u> તરીકે સામેલ છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ડીએસટી WOS-A પ્રોજેકટમાં નીચે જણાવેલ સાધનો તેના નામ સામે જણાવેલ વેપારી પાસેથી તેની સામે દર્શાવેલ ભાવે ખરીદવાનું રાખવું.

૧૦) હાલમાં યુનિવર્સિટીમાં જરુરિયાત મુજબ કલાર્ક તથા પટાવાળાને ત્રણ માસ/ છ માસ માટે હંગામી નિમણુંક આપીએ છીએ તેને બદલે મેનપાવર એજન્સીની નિમણુંક કરવાનું વિચારણા અર્થે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત આગામી એકિઝકયુટીવ કાઉન્સીલ સમક્ષ વિચારણા માટે મુકવી.

૧૧) યુનિવર્સિટીના પરીક્ષા ભવન તથા EMRCના હોલમાં A.C. નખાવવા વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે પરીક્ષા ભવનમાં A.C..નખાવવા અને EMRCના હોલમાં A.C. નંખાવવા EMRCના A.C.નો ખર્ચ EMRCની ગ્રાન્ટમાંથી કરવાનું રાખવું.

૧૨) કેમેસ્ટ્રી વિભાગના પ્રો.હરજીન્દર કૌરને DST પ્રોજેકટની ઇકવીપમેન્ટ ગ્રાન્ટ હેઠળ Gas addition Kit ખરીદવા E-Tender ધ્વારા મંગાવેલ અને આવેલ ભાવો પર વિચારણા કરવા બાબત. આ અંગેનું ભાવોનું તુલનાત્મક તારણ સામેલ છે.આ અંગે કુલ ખર્ચ રૂ.૯,૭૯,૧૨૫/- થશે. આ અંગે રૂ.૧૨-૯૦ની ગ્રાન્ટ મંજુર થયેલ છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે Gas addition Kit લેબ ઇન્ડીયા એનાલીટીકસ ઇન્સ્ટુમેન્ટ પ્રા.લિ. પાસેથી રૂ. ૯,૭૯,૧૨૫/-ના ખર્ચે ખરીદવાનું રાખવું.

૧૩) કેમેસ્ટ્રી વિભાગ ખાતે બારમી પંચવર્ષીય યોજના હેઠળ મળેલ ગ્રાન્ટમાંથી બે નંગ રોટરી ઇવોપોરેટર ખરીદવા માટે આવેલ તા.૧૪-૧૧-૧૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોધ : અગાઉ તા.૨૭-૫-૧૩ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિમાં ૩ નંગ રોટરી ઇવોપોરેટર ખરીદવાની દરખાસ્ત આવી હતી પરંતુ હેડની ભલામણ મુજબ એક નંગ રોટરી ઇવોપોરેટર ખરીદવા ભલામણ કરવામાં આવી હતી.)

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ૨ નંગ રોટરી ઇવોપોરેટર તા.૨૭-૫-૧૩ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિ ધ્વારા મંજુર કરવામાં આવેલ વેપારી મે.ઇન્કાર્ય ઇન્સ્ટુમેન્ટ લિ. પાસેથી એક નંગ રૂ.૧,૯૬,૬૬૯-૪૦ પૈસાના ભાવે ખરીદવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ હતું.

કુલસચિવ

આઈટમ નં- 3

Gujarat University Press
Purchase of Different Paper and Lekhan Samagri

| SrNo | Paper Details | Quantity (Ream) | Gala Product Pvt LTd. | Bindiya Enterprise | Total Amount Rs. |
|---|---|---|---|---|---|
| 1 | Belapur SSP Maplitho Paper 16KG 23" x 36" 58.5 x 91cm 60 gsm | 250 | 1138 | **1058** | **264500** |
| 2 | Belapur SSP White Paper 23.2KG 25" x 36" 63.5 x 91cm 80 gsm | 250 | 1721 | **1635** | **408750** |
| 3 | Sirpur Colour 6KG 18" x 23" 45.5 x 58.5cm 47 gsm (Yellow-50, Green-50, Pink-50, Blue-50) | 200 | **515** | 533 | **103000** |
| 4 | Westcost Cover Paper 17.4KG 20" x 30" 43 x 69cm 90 gsm (Yellow-20, Blue-20, Green-20) | 60 | 1257 | **1236** | **74160** |
| 5 | Rainbow Green Card 18.1KG 22" x 28" 56 x 71cm (Orange-10, Yellow-10, Red-10, Blue-10) | 50 | **811** | 895 | **40550** |
| 6 | Sirpur Ladger Paper 21.3KG 23" x 36" 58.5 x 91cm 80 gsm | 250 | **1622** | 1695 | **405500** |
| 7 | Vijay Craft Paper 23" x 36" 56 gsm | 40 | **563** | 1459 | **22520** |
| 8 | **Straw Board (Putha) Central India** | | | | |
| | (a) 16 Owans 25.5" x 30.5" | 35 | 661 | **660** | **23100** |
| | (b) 32 Owans 25.5" 30.5" | 35 | 728 | **725** | **25375** |
| 9 | Binding Cloth Butterline Brand 105cm x 20 mtr (Yellow-5, Orange-5, Blue-5, Red-5, Green-5) | 25 | 818 | **439** | **10975** |
| | | | | **Grand Total ====>** | **1378430** |

પ્રેસ વ્યવસ્થાપક,
ગુજરાત યુનિવર્સિટી પ્રેસ
અમદાવાદ-૯

૫/૨/૨૦૧૮ (૨) [illegible] નં-(૬)

| Sr. No. | Name of the equipment | Rate ( In Rs.) | Quantity | Total amount ( In Rs.) | Name of the party to whom the order will be preferred |
|---|---|---|---|---|---|
| 1. | Ultra Sonic Probe | 3,62,950/- | 1 | 3,62,950/- | Inkarp |
| 2. | UV Chamber | 10,300/- | 5 | 51,500/- | Scientific & trading corporation |
| 3. | Constant temp. water bath | 1,17,323/- | 2 | 2,34,646/- | Empire enterprise |
| 4. | Rotary Evaporator | 2,51,845/- | 1 | 2,51,845/- | Inkarp |
| 5. | Spin Coating | 1,99,300/- | 1 | 1,99,300/- | Scientific & trading corporation |
| 6. | Diaphragm Vacuum Pump | 1,57,725/- | 3 | 4,73,175/- | Inkarp |
| 7. | Fume Hood | 1,92,500/- | 1 | 1,92,500/- | Scientific & trading corporation |
| 8. | Hot Plate with Magnetic Stirrer | 5,050/- | 6 | 30,300/- | Labtronik |
| 9. | Hot air Oven | 32,000/- | 4 | 1,28,000/- | Purvi enterprise |
| 10. | Rotary Evaporator | 2,51,845/- | 1 | 2,51,845/- | Inkarp |
| 11. | Digital Analytical Balance | 79,000/- | 4 | 3,16,000/- | Labtronik |
| 12. | Ultra Sonic Bath | 45,826/- | 3 | 1,37,478/- | Spinchrom life science |
| 13. | General Purpose Centrifuge | 19,300/- | 4 | 77,200/- | Lab intelligence appliances |
| 14. | Fume Hood | 1,92,500/- | 1 | 1,92,500/- | Scientific & trading corporation |
| 15. | Multi Magnetic Stirrer | 39,900/- | 2 | 79,800/- | Labtronik |
| 16. | Digital Melting Point | 31,500/- | 2 | 63,000/- | Labtronik |
| 17. | Micro pipettes | 13,206/- | 2 | 26,412/- | Triton technologies |
| | | 14,604/- | 2 | 29,208/- | Triton technologies |
| | | 14,604/- | 2 | 29,208/- | Triton technologies |
| 18. | Vortex Mixer | 3,500/- | 1 | 3,500/- | Scientific & trading corporation |
| 19. | Quartz Cuvettes | 4010/- | 7 | 28,070/- | Jainam biomedical |
| 20. | Glass Cuvettes | 1,380/- | 7 | 9,660/- | Jainam biomedical |
| 21. | UV-Visible Spectrophotometer | 3,24,268/- | 1 | 3,24,268/- | Anatek services pvt. Ltd. |
| 22. | Fume Hood | 1,92,500/- | 1 | 1,92,500/- | Scientific & trading corporation |
| 23. | $P^H$ Meter | 26,000/- | 4 | 1,04,000/- | Purvi enterprise |
| 24. | Water Purification system | 3,20,700/- | 1 | 3,20,700/- | Metrohm |
| 25. | Research Centrifuge | 50,720/- | 1 | 50,720/- | Scientific & trading corporation |
| | | | | **41,60,285/-** | |

4160285

PROFESSOR AND HEAD
CHEMISTRY DEPARTMENT,
UNIVERSITY SCHOOL OF SCIENCES
GUJARAT UNIVERSITY,

2015 Lot 07 — (J)



## L1 / L2 COMPARATIVE

**Current Tender Details**

IFB / Tender Notice No : 2014/07
Name of Work : Purchase of Gold Plated Silver Medal
Last Date & Time For Submission of Bid: 10 10 2014 17:00:00

Tender ID: 155942
ECV (INR): 300000.00
Type Of Tender: open

**L1 / L2 COMPARATIVE** — SOR for the Year of : — Estimated Rate for the Year of :

| S.NO | Company Name | Ranking | Net Total (A) | SOR Total (B) | Est. Value Total (C) | % SOR Variance (Above/Below) (A-B)*100/B | % Est. Variance (Above/Below) (A-C)*100/C |
|---|---|---|---|---|---|---|---|
| 1 . | Kiran Handicrafts | L1 | 3,52,000.0000 | 0.0000 | 0.0000 | 3,52,00,000.0000 | 3,52,00,000.0000 |

**SubWork Details**

| S.No. | Sub Work Name | SOR Total | Est. Val Total | Kiran Handicrafts |
|---|---|---|---|---|
| 1 . | Schedule B | 0.0000 | 0.0000 | 352,000.0000 |
| | **Grand Total *** | **0.0000** | **0.0000** | **352,000.0000** |
| | **Rebate (in %age)** | **NA** | **NA** | **0.0000** |
| | **Fixed Deduction Amount** | **NA** | **NA** | **NA** |
| | **Net Amount ((Added Subwork Total * (1-Rebate/100)) – Deducted Subwork Total – Fixed Deduction Amount)** | **0.0000** | **0.0000** | **352,000.0000** |

* Added Subwork Total : (S)
Deducted Subwork Total : ()

Previous | Export To Excel | Print

**Committee Members**

| First Name | User Name |
|---|---|
| K.P.Bhatt | gujunikpb |

(signatures) 17/10/14 17/10 17/10/14.

## Rate, Total Amount Comparative ( With Rebate )

**Current Tender Details**

IFB / Tender Notice No : 2014/07
Name of Work : Purchase of Gold Plated Silver Medal
Last Date & Time For Submission of Bid: 10 10 2014 17:00:00

Tender ID: 155942
ECV (INR): 300000.00
Type Of Tender: open

**SOR for the Year of :** **Estimated Rate for the Year of :**

**Subwork Name : Schedule B**

| S.NO | Item No | Item Description | Quantity | Unit | Estimated Rate | Total Of (Qty*Est.Val) | Kiran Handicrafts Submitted Rate(With Rebate) | Kiran Handicrafts Item Total Amt. (Qty * Submitted Rate(With Rebate)) |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 . | 1 | Manufecturing | 220.0000 | Number | 0.0000 | 0.0000 | 150.0000 | 33,000.0000 |
| 2 . | 2 | Silver (30 Gram) (Purity 99.9%) | 220.0000 | Number | 0.0000 | 0.0000 | 1,200.0000 | 2,64,000.0000 |
| 3 . | 3 | Gold Plating | 220.0000 | Number | 0.0000 | 0.0000 | 100.0000 | 22,000.0000 |
| 4 . | 4 | Engraving | 220.0000 | Number | 0.0000 | 0.0000 | 100.0000 | 22,000.0000 |
| 5 . | 5 | Medal Case (as per University Specimen) | 220.0000 | Number | 0.0000 | 0.0000 | 50.0000 | 11,000.0000 |

**SubWork Details**

| S.No. | Sub Work Name | SOR Total | Est. Val Total | Kiran Handicrafts |
|---|---|---|---|---|
| 1 . | Schedule B | 0.0000 | 0.0000 | 352,000.0000 |
| | **Grand Total** * | **0.0000** | **0.0000** | **352,000.0000** |
| | **Rebate (in %age)** | **NA** | **NA** | **0.0000** |
| | **Fixed Deduction Amount** | **NA** | **NA** | **NA** |
| | **Net Amount ((Added Subwork Total * (1-Rebate/100)) - Deducted Subwork Total - Fixed Deduction Amount)** | **0.0000** | **0.0000** | **352,000.0000** |

* Added Subwork Total : (S)
Deducted Subwork Total : ()

Previous | Export To Excel | Print

**Committee Members**

| First Name | User Name |
|---|---|
| K.P.Bhatt | gujunikpb |



**Server Time : 17/10/2014 16:18:35**

પરિશિષ્ટ-(૪) આઇટમ નં-(૯)

ZOOL/KR/WOS-A1(5)/2014

# PRICE SUMMARY OF INSTRUMENTS TO BE PURCHASED:

| INSTRUMENTS | PARTY | AMOUNT (Rs) |
|---|---|---|
| Two micropipettes - | DM INNOVATOR | 29,610/- |
| Sonicator | DM INNOVATOR | 29,925/- |
| Centrifuge | DM INNOVATOR | 28,088/- |
| -20·C freezer | DM INNOVATOR | 28,350/- |
| Agarose gel electrophoresis | MANIAR ASSOCIATES | 25,462.50/- |
| SDS-PAGE electrophoresis | MANIAR ASSOCIATES | 29,032/- |
| Power pack | MANIAR ASSOCIATES | 29,505/- |

**GRAND TOTAL: 1,99,972.5/-**

Krithika B

DR. R. J. VERMA
PROFESSOR OF ZOOLOGY
DEPARTMENT OF ZOOLOGY
UNIV. SCHOOL OF SCIENCES
GUJARAT UNIVERSITY,
AHMEDABAD-380009, GUJARAT

ZOOLOGY DEPARTMENT
SCHOOL OF SCIENCES
GUJARAT UNIVERSITY
AHMEDABAD - 380 009.